અપીલ અરજી નં.૫૬ તા.૧૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી જાવેદ ઈદરીશભાઈ મનસુરી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જાવેદ ઈદરીશભાઈ મનસુરીની તા.૧૬–૪–૧૦ની અરજીથી ટેના નં.૬૧એ–૬૯–૧૧૭૧–૦–૦૦૧, ટેના.નં.૬૧એ–૯૧–૬૨૬૧ –૦–૦૦૧ ૨૦૦૫ થી મોહમદીયા મસ્જીદના વેરા બીલમાં હસ્તક તરીકે અલ્લારખા મોહમંદભાઈ કુરેશી અનેકબ્રસ્તાન અમરોલીના એડમીસ્ટ્રેશન તરીકે પણ ઉપરોકત વ્યકિતનું નામ કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવ્યુ છે તેની પુરી માહિતી ની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૬/૨૦૧૦–૧૧

શ્રી જાવેદ ઈદરીશભાઈ મનસુરીની તા.૧૬–૪–૧૦ની અરજીથી ટેના નં.૬૧એ–૬૯–૧૧૭૧–૦–૦૦૧, ટેના.નં.૬૧એ–૯૧–૬૨૬૧–૦–૦૦૧ ૨૦૦૫ થી મોહમદીયા મસ્જીદના વેરા બીલમાં હસ્તક તરીકે અલ્લારખા મોહમંદભાઈ કુરેશી અને કબ્રસ્તાન અમરોલીના એડમીસ્ટ્રેશન તરીકે પણ ઉપરોકત વ્યકિતનું નામ કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવ્યુ છે તેની પુરી માહિતી ની નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૨ તા.૨૪–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૬–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયના સંદર્ભ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતું નથી તથા તે બાબતે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય જરૂર જણાય તો આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળ અપવાદને ધ્યાને લઈ કરેલી કાર્યવાહી સહિત દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), . . .જાણ તથા અમલ માટે
(૨) શ્રી જાવેદ ઈદરીશભાઈ મનસુરી,